## સાબરકાંઠા પોલીસ સામે કલંક પર કલંક

# ઈસરીના પી.એસ.આઈ. અને બે પોલીસકર્મી પોલીસ સ્ટેશનમાં બિયર રાખતાં ઝડપાયા

### રેન્જ આઈ.જી.ને મળેલ બાતમીને આધારે તપાસ કરતાં બિયર પકડાઈ : પી.એસ.આઈ. અને બે પોલીસકર્મીઓને જેલ હવાલે કરી સસ્પેન્ડ કરી દેવાયા

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા પોલીસ સામે એક પછી એક કલંક લાગી રહ્યા છે. પહેલા હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.ને ફરજ પ્રત્યે બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કરી દેવાયાના ગણત્રીના દિવસોમાં મોડાસા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલના ક્વાટર્સમાં યુવતીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પોલીસબેડામાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો ત્યાં ફરી એક પોલીસ ઉપર કલંક લાગ્યું છે. ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.આર. દેસાઈ અને કોન્સ્ટેબલ વિનોદ ધૂળાભાઈ અને પ્રદિપ સુરેશભાઈ પોલીસ સ્ટેશનમાં બિન અધિકૃત રીતે બિયર રાખતા ઝડપાઈ જતાં પોલીસની આબરૂના લીરે લીરા ઉડી જવા પામ્યા છે.

તોડ કરવામાં માહેર સાબરકાંઠા જિલ્લાના જુદા જુદા પોલીસમથકોની પોલીસ એક પછી એક વિવાદો અને ગુન્હાહિત પ્રવૃત્તિઓમાં છપડાઈ રહી છે. આરોપી પાસેથી તોડ કરી ફરીયાદીની ફરીયાદ પ્રત્યે ઉદાસીનતા દાખવનાર હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જે.એમ. વાઘેલાને ફરજ મોકુફ કરાયા બાદ થોડાક જ સમયમાં મોડાસામાં એક પોલીસ કોન્સ્ટેબલ યુવતીને ક્વાટર્સમાં પુરી બહાર જતાં યુવતીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતાં પોલીસ સામે વિરોધનો વંટોળ ઉભો થવા પામ્યો હતો. પોલીસ ઉપર કલંક ઉપર કલંકની ઘટનાઓનો સિલસિલો ચાલી રહ્યો હોય તેમ જિલ્લાના ઈસરી પોલીસ સ્ટેશનમાં બિન અધિકૃત રીતે બિયરનો જથ્થો રાખતા પી.એસ.આઈ. અને બે પોલીસ કોન્સ્ટેબલ ઝડપાતાં પોલીસનું નાક કપાયું છે. દારૂનો વેપલો કરતાં બુટલેગરોને જેલમાં મુકનાર પોલીસ જ દારૂ વેચતા અને એ પણ પોલીસ સ્ટેશનમાં ઝડપાય અને જેલમાં જાય તેનાથી બીજી શરમજનક ઘટના કઈ હોઈ શકે...!

ગાંધીનગર રેન્જ આઈ.જી. શમશેરસિંગને મળેલ બાતમીને આધારે આર.આર.સેલના પી.આઈ. બોડાણા તથા પ્રોબેશનલ ડી.એસ.પી. મેઘાણીની ટીમે પુસરી પોલીસ સ્ટેશનમાં રાત્રે ૧ વાગે તપાસ હાથ ધરતાં પોલીસ સ્ટેશનના બાથરૂમમાંથી બે પેટી બિયરની બોટલો મળી આવી હતી. બિન અધિકૃત રીતે પોલીસ સ્ટેશનમાં દારૂ રાખવા બદલ પી.એસ.આઈ. દેસાઈ, પો.કો. પ્રદિપ અને વિનોદ સામે ગુન્હો નોંધી જેલ હવાલે કર્યા છે. છેલ્લે જાણવા મળ્યા મુજબ તેમને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે.

હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશન સહિત જિલ્લાના પોલીસ સ્ટેશનો તોડ પોલીસ સ્ટેશન તરીકે ઉભરી રહ્યા છે. પોલીસની નીતિ-રીતિ સામે પણ આક્ષેપો થઈ રહ્યા છે. ફરીયાદીને ન્યાય નહિ મળતો હોવાની પણ વ્યાપક બુમો ઉઠી રહી છે ત્યારે રેન્જ આઈ.જી. શમશેરસિંગે જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં ધડમૂળથી ફેરફાર કરવો જોઈએ તેવી લોક લાગણી પ્રવર્તિ રહી છે.

## પાલનપુરમાં સફાઈના મુદ્દે સેનિટેશન ટીમ દ્વારા તમામ વોર્ડમાં ચેકીંગ કરાયુ

પાલનુર, તા. ૧૯

પાલનપુરમાં ચોમાસાની સીઝન અગાઉ જાહેર વિસ્તારોની મોટી ગટર લાઈનો ભૂગર્ભ રહેણાંક કોમર્શિયલ વિસ્તારોની ગટરોની સફાઈ બાદ કચરાના ઢગલા તેમજ કચરાપેટીઓ અંગે આજે અચાનક જ સેનિટેશન ટીમના અધિકારીઓએ તમામ વિસ્તારોમાં ઓચિંતુ ચેકિંગ હાથ ધર્યુ હતુ




અને સફાઈ કામદારો ફરજ પ્રત્યે સભાન બન્યા હતા. ચોમાસાની સીઝન દરમિયાન કાદવકિચડ અને ઘનકચરાને લીધે મચ્છરોનો ઉપદ્રવ પણ ભારે વધી ગયો છે. શહેરના કુલ ૧૪ વોર્ડમાં ૨૫૦ જેટલા સફાઈ કામદારો કામ કરી રહ્યા છે અને સફાઈની સાથે સાથે ડી.ડી.ટી. પાઉડરનો પણ છંટકાવ કરી રહ્યા છે. સફાઈ કામદારો પર દેખરેખ રાખતા અને હાજરીપત્રક નિભાવતા મુકાદમો ઘણા લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા હતા. તેઓની એક સાથે જુદી જુદી જગ્યાએ બદલીના હૂકમો કરતા ભારે ફફડાટ ફેલાયો છે. સફાઈ મામલે આજે સેનિટેશન ટીમ ચેરમેન અનિલ ચક્રવતી દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરી શહેરીજનો વેપારીઓને જાતે શિસ્ત જાળવી શહેરને સ્વચ્છ રાખવા સહકાર આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી હતી.

## ખેડબ્રહ્માની દેનાબેંકમાંથી આઠ વર્ષનો ટાબોરીયો રૂ. ૪૮,૦૦૦ રોકડા ભરેલ પાકીટ લઈ ફરાર

### ચોકીદાર અને અન્ય લોકોની સમયસૂચકતાને લીધે થોડીવારમાં જ ટાબરીયો પકડાઈ ગયો હતો : પોલીસે ટાબરીયાની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા શહેરમાં આવેલી દેનાબેંકમાં આજે સવારે એક વ્યક્તિ પાકિટમાં રૂ. ૪૮,૦૦૦ રોકડા લઈ સિલક ભરવા આવ્યા હતા અને બેંકમાં નાણાં ભરવા માટે સ્લીપ ભરી રહ્યા હતા ત્યારે એક આઠ વર્ષનો ટાબરીયો રોકડા રૂપિયા ભરેલુ પાકીટ સરકાવી નાસી છૂટ્યો હતો. બાદમાં સિક્યુરીટી ગાર્ડે ટાબરીયાનો પીછો કરી તેને પકડી પાડ્યો હતો. આ મામલે ખેડબ્રહ્મા પોલીસને જાણ થતા પોલીસે ટાબરીયાની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ખેડબ્રહ્મામાં આવેલ આરાધના સિનેમા સામે રહેતા અમજદહુશેન આશીકહુસેન શેખ આજે બપોરે ૧૨ થી ૧ વાગ્યાના ગાળામાં ખેડબ્રહ્મા સ્થિત દેનાબેંકમાં રૂ. ૪૮,૦૦૦ રોકડ એક પાકીટમાં લઈ બેંકમાં સિલક ભરવા માટે આવ્યા હતા અને બેંકના કાઉન્ટર નજીક નાણાં ભરવાની સ્લીપ ભરી રહ્યા હતા. દરમિયાન એક આઠ વર્ષનો કિશોર અમજદહુસેન પાસે રમતો-રમતો આવ્યો અને તેમની પાસે રહેલ નાણાં ભરેલ પાકીટ સરકાવી નાસી છુટ્યો હતો. આ ઘટના બનતાની સાથે જ બેંકમાં દોડધામ મચી જવા પામી હતી. આથી બેંકના સિક્યુરીટી ગાર્ડ સહિત અન્ય નાગરિકોએ બાળકનો પીછો કર્યો હતો અને બાળકને માણેક ચોક નજીકથી પકડી પાડ્યો હતો. અને તુરંત જ પોલીસમથકમાં જાણ કરી હતી. આથી પોલીસે ઘટનાસ્થળે આવી હતી અને બાળકની અટકાયત કરી તેના વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બાળક મૂળ મધ્યપ્રદેશનો વતની છે અને તેની સાથે આખી ગેંગ આ વિસ્તારમાં સક્રિય છે. તો પોલીસ આ મામલે યોગ્ય તપાસ હાથ ધરી ઘટતી કાર્યવાહી કરી પ્રરપ્રાંતિય લોકોની સામે કાર્યવાહી કરવી જરૂરી છે.




## ડીસા રેલવે સ્ટેશન વિસ્તારમાં બોર બંધ થતા ચાર દિવસથી પાણી વિના લોકોને પડતી હાલાકી

ડીસા, તા. ૧૯

ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ પાણીના બોરમાં થોડા દિવસ અગાઉ મોટર બળી જતા સતત ત્રણ દિવસ સુધી બંધ રહ્યો હતો ત્યારે ફરી બોર બંધ થઈ જતા પીવાના પાણી માટે લોકો ભારે પરેશાની વેઠી રહ્યા છે.

રેલવે સ્ટેશન વિસ્તારમાં વિશ્વકર્માનગર ખાતે પાણીનો બોર આવેલ છે. જે અવારનવાર બગડતો હોવાથી લોકોને પીવાના પાણી માટે હાલાકી ભોગવવી પડે છે. અત્યારે હાલ પણ બોર બંધ હોવાથી લોકોને પીવાના પાણી દૂર દૂર સુધી રઝળપાટ કરવી પડે છે. આ બોર દ્વારા રેલવેસ્ટેશન, લોધાવાસ, વિશ્વકર્માનગર સહિતના વિવિધ વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવે છે. બોર બંધ હોવાથી હજારો લોકોને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. આ અંગે રહિશો દ્વારા અનેકવાર રજુઆતો કરવામાં આવી હોવા છતાં આ સમસ્યાનો કોઈ ઉકેલ નહી આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે નગરપાલિકા તંત્ર દ્વારા આ બાબતો ધ્યાનમાં રાખીને યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તેમ આ વિસ્તારના રહિશો ઈચ્છી રહ્યા છે.

## વડાલી ખાતે સરકારી વાણિજ્ય કોલેજનું લોકાર્પણ

સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે રૂ. ૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ સરકારી વાણિજ્ય કોલેજનું લોકાર્પણ કરતા શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતું કે, શિક્ષણ અને સંસ્કારથી જ આવતીકાલની પેઢી દુરાચારથી મુક્ત રહી સદાચારના સમાજ નિર્માણ માટેની ચિંતા કરનારા આપણા જ સમાજમાં છે. એમ તેમણે જણાવ્યું હતું. ગુજરાતમાં શિક્ષણ ગુણવત્તાસભર બનાવવા રાજ્ય સરકારે પ્રાથમિક શાળાના 'ગ્રેડેશન'ની પહેલ કરી છે. ગુજરાતમાં શિક્ષણને સમગ્રતયા ગુણવત્તાસભર બનાવવા અને પાયાના પ્રાથમિક શિક્ષણથી યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની પહેલ પણ આ સરકારે કરી છે, તેની રૂપરેખા આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, દસ વર્ષમાં ગુજરાતની યુનિવર્સિટીઓની સંખ્યા ૧૧ માંથી ૪૪ થઈ છે, તેમાં પણ ફોરેન્સીક સાયન્સ, રક્ષાશક્તિ યુનિવર્સિટી અને સ્કીલ યુનિવર્સિટી અને સ્કીલ યુનિવર્સિટી જેવી નવી પહેલ કરી છે.

## પ્રાંતિજના ચંચળવાનગરમાં પીવાના પાણીની મોટી સમસ્યા : નાગરિકોમાં ભારે આક્રોશ

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ચંચળવા નામનું નાનકડુ ગામ આવેલું છે. જ્યાંના ગ્રામજનો ભર ચોમાસે પણ દરરોજ પાણી માટે ઠેર ઠેર વલખા મારી રહ્યા છે અને નાછૂટકે ગંદુ પીવાનું પાણી અને ખરીદેલુ પાણી પીવા માટે મજબુર બન્યા છે. આ સંદર્ભે નગરપાલિકા તંત્ર સમક્ષ અનેક રજૂઆતો કરવામાં આવ્યા છતાં કોઈ પગલાં ન લેવાતા રહિશોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને તુરંત નગરપાલિકા તંત્ર પીવાના પાણીની સુવિધા પુરી પાડે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે અને આગામી સમય ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.




પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ચંચળવાનગર ગામમાં લોકો છેલ્લા ત્રણ માસથી પીવાના પાણી માટે ભારે બુમરાણ કરી રહ્યા છે. અને દરરોજ દૂર દૂર સુધી જઈ પાણી ભરવા માટે વલખા મારવા પડે છે. તેમ છતાં પણ પીવાનું શુધ્ધ પાણી મળતુ નથી અને આખરે ગંદુ અથવા તો દૂષિત પાણી પીવાનો વારો આવે છે. તો કેટલાક લોકોએ તો પીવાના પાણી માટે દરરોજ હજારો રૂપિયા ખર્ચી ટેંકર મંગાવવા પડે છે. આમ રોજ રોજ ગરીબ નાગરિકોને રૂપિયા આપી પીવાના માટે પાણી ખરીદવાનો વારો આવતા ભારે મુશ્કેલી વેઠવી પડે છે. આમ આ મામલે રહિશો છેલ્લા ત્રણ માસથી નગરપાલિકા તંત્ર સમક્ષ અનેક રજૂઆતો કરી રહ્યા છે. તેમ છતાં આળશુ નગરપાલિકાતંત્ર આળસ ખંખેરી આ ગામના પીવાના પાણીના પ્રશ્નને લઈ કોઈ કાર્યવાહી કરતા નથી. પરિણામે રહિશોએ આ મામલે નગરપાલિકા તંત્ર સમક્ષ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને તાત્કાલિક તંત્રના અધિકારીઓ આ ગામની મુલાકાત લઈ પીવાના પાણીની સમસ્યાનો સત્વરે નિકાલ લાવે તેવી માંગણી કરી રહ્યા છે. અન્યથા આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| | | |
|---|---|---|
| **પાટણ** | | |
| જીરુ | ૨૧૦૦ | ૨૪૫૫ |
| વરીયાળી | ૮૫૦ | ૧૩૦૦ |
| જુવાર | ૨૫૦ | ૬૦૦ |
| એરંડા | ૬૮૦ | ૭૧૨ |
| ઘઉ | ૨૯૮ | ૩૭૭ |
| બાજરી | ૨૧૦ | ૨૪૯ |
| બંટી | ૩૪૦ | ૩૭૨ |
| ગવાર | ૯૭૫ | ૧૧૮૩ |
| **વિજાપુર** | | |
| વરિયાળી | ૯૭૦ | ૧૧૦૦ |
| એરંડા | ૬૯૫ | ૭૦૯ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ઘઉ | ૩૦૦ | ૩૫૦ |
| જુવાર | ૩૩૦ | ૩૭૨ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૧૩ |
| **કૂકરવાડા** | | |
| એરંડા | ૬૮૦ | ૬૭૦ |
| બાજરી | ૨૧૧ | ૩૦૫ |
| ઘઉં | ૨૯૯ | ૩૩૩ |
| જુવાર | ૩૪૧ | ૩૫૩ |
| ગવાર | ૧૦૦૦ | ૧૧૬૦ |
| રજકો | ૧૩૦૦ | ૨૭૫૪ |
| રાજગરો | ૧૦૫૦ | - |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૫ |
| ઘઉ | ૩૧૦ | ૩૫૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૮૦ |
| **તલોદ** | | |
| મગફળી | ૬૦૦ | ૯૦૭ |
| એરંડા | ૬૯૦ | ૭૦૬ |
| ઘઉ | ૩૦૮ | ૩૬૭ |
| બાજરી | ૨૨૧ | ૨૭૯ |
| ગવાર | ૧૦૭૨ | ૧૨૮૦ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૪૮ | ૨૭૭ |
| ઘઉં | ૩૧૮ | ૩૩૨ |
| ડાંગર | ૨૮૫ | ૩૦૦ |
| એરંડા | ૬૮૮ | ૬૯૭ |
| ગવાર | ૧૩૧૫ | ૧૩૩૨ |
| મકાઈ | ૨૬૦ | ૩૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૬૦ |
| જુવાર | ૩૦૦ | ૩૮૧ |
| રાયડો | ૫૩૦ | ૫૯૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૪૫ | ૨૭૫ |
| ઘઉં | ૩૧૫ | ૩૩૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૨૭૦ | ૩૭૫ |
| રાયડો | ૫૨૫ | ૫૭૦ |
| **સિદ્ધપુર** | | |
| રાયડો | ૬૦૫ | ૬૨૦ |
| એરંડા | ૬૬૯ | ૭૧૬ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૮૮ |
| ઘઉં | ૨૮૦ | ૩૭૨ |
| બાજરી | ૧૭૦ | ૨૮૭ |
| જુવાર | ૩૦૫ | ૩૯૮ |
| **ઊંઝા** | | |
| જીરૂ | ૨૧૦૫ | ૨૭૫૦ |
| વરીયાળી | ૮૩૧ | ૨૧૯૦ |
| ઈ.ગુલ | ૧૨૨૫ | ૧૩૬૦ |
| રાયડો | ૫૮૯ | ૬૮૭ |
| તલ | ૨૦૫૦ | ૨૨૨૦ |
| સરસવ | ૬૯૫ | - |
| **કડી** | | |
| ઘઉ | ૩૦૫ | ૩૪૭ |
| બાજરી | ૨૨૫ | ૨૬૯ |
| ગવાર | ૧૦૫૯ | ૧૨૮૯ |
| એરંડા | ૬૮૫ | ૬૯૪ |
| રાયડો | ૫૪૬ | - |
| જીરૂ | ૨૪૯૦ | ૨૫૩૧ |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૩૦૩ | ૩૮૬ |
| બાજરી | ૨૨૦ | ૨૯૭ |
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ગવાર | ૧૦૭૧ | ૧૨૫૭ |
| જીરૂ | ૨૩૪૦ | ૨૫૩૬ |
| રાયડો | ૫૨૧ | ૬૦૧ |
| રજકો | ૧૭૨૦ | ૨૭૮૨ |
| અજમો | ૭૦૦ | ૧૧૦૨ |
| મેથી | ૫૨૯ | - |
| વરિયાળી | ૧૧૯૭ | - |
| બંટી | ૩૦૮ | - |
| **માણસા** | | |
| રાયડો | ૫૯૫ | ૬૦૦ |
| એરંડા | ૬૭૦ | ૭૧૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૬ |
| બાજરી | ૨૨૯ | ૨૮૦ |
| જુવાર | ૩૦૦ | ૩૪૬ |
| **મોડાસા** | | |
| મગફળી | ૬૦૦ | ૮૫૦ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| બાજરી | ૨૩૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૭૩ |
| મકાઈ | ૨૭૦ | ૩૨૮ |
| મગ | ૫૯૦ | ૬૭૭ |
| **હારીજ** | | |
| રાયડો | ૬૦૦ | ૬૧૫ |
| એરંડા | ૬૭૦ | ૭૦૭ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૬૦ |
| ગવાર | ૧૦૭૦ | ૧૧૮૦ |
| ચણા | ૫૬૦ | ૬૦૯ |
| જીરુ | ૨૨૫૦ | ૨૬૩૭ |
| અડદ | ૪૯૧ | ૫૫૬ |
| સવા | ૬૦૦ | ૬૮૮ |
| **બાવળા** | | |
| ઘઉં | ૩૧૭ | ૩૩૯ |
| ઘઉં | ૩૪૦ | ૩૭૫ |
| એરંડા | ૬૮૭ | ૬૮૯ |
| રાયડો | ૫૬૦ | - |
| રાઈ | ૫૬૪ | - |
| **વિસનગર** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૪૯ |
| બાજરી | ૨૦૦ | ૩૧૭ |
| જુવાર | ૨૦૦ | ૫૬૧ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| રાયડો | ૫૪૦ | ૬૧૯ |
| રજકો | ૧૫૦૦ | ૨૫૫૧ |
| એરંડા | ૬૭૪ | ૭૦૭ |
| તલ | ૧૭૭૭ | - |
| જલ | ૨૫૦ | - |
| **સલાલ** | | |
| મગફળી | ૭૦૦ | ૮૫૦ |
| ઘઉં | ૩૩૦ | ૩૫૫ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ડાંગર | ૩૦૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ. | ૩૨૦ | ૩૫૦ |
| **પ્રાંતિજ** | | |
| એરંડા | ૬૭૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ડાંગર | ૩૦૦ | ૩૨૧ |
| ડાંગર | ૩૦૦ | ૩૫૦ |
| **ઇડર** | | |
| મગફળી | ૬૯૦ | ૮૬૧ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૮ |
| બાજરી | ૨૪૦ | ૨૫૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૬૬ |
| એરંડા | ૬૮૦ | ૬૯૯ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| મગ | ૭૦૦ | ૮૫૦ |
| તલ | ૧૫૫૦ | ૧૭૫૦ |
| **આંબલિયાસણ** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૨૨ |
| બાજરી | ૨૨૮ | ૨૭૪ |
| એરંડા | ૬૮૭ | ૬૯૨ |
| રાયડો | ૫૭૫ | ૫૯૬ |
| ગવાર | ૧૨૫૩ | ૧૫૭૫ |
| **જોટાણા** | | |
| બાજરી | ૨૩૦ | - |
| એરંડા | ૬૮૮ | ૬૯૫ |
| ગવાર | ૧૨૨૧ | ૧૨૩૯ |
| જુવાર | ૩૩૯ | ૫૬૫ |
| **કલોલ** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૬૫ |
| એરંડા | ૬૯૦ | ૬૯૭ |
| ગવાર | ૯૫૦ | ૧૩૫૦ |
| જુવાર | ૩૨૦ | ૩૭૦ |
| બાજરી | ૨૨૦ | ૨૮૫ |
| ડાંગર | ૨૬૫ | ૩૧૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં | ૩૧૧ | ૩૨૦ |
| ઘઉં | ૩૨૦ | ૩૫૦ |
| મકાઈ | ૨૮૫ | ૨૮૯ |
| મગ | ૪૦૦ | ૯૫૬ |
| મગફળી | ૬૫૦ | ૮૧૨ |
| એરંડા | ૬૮૫ | ૬૮૯ |
| **ગોઝારીયા** | | |
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| બાજરી | ૨૦૦ | ૨૮૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૨ |
| ગવાર | ૧૨૦૦ | ૧૨૫૫ |
| જુવાર | ૩૨૦ | ૩૪૨ |
| **પાલનપુર** | | |
| ઘઉં | ૨૯૦ | ૩૬૪ |
| બાજરી | ૧૮૫ | ૨૭૦ |
| ગવાર | ૯૦૦ | ૧૨૭૧ |
| એરંડા | ૬૮૨ | ૭૦૨ |
| રાયડો | ૫૯૦ | ૬૦૮ |
| રાજગરો | ૧૧૨૫ | ૧૨૦૦ |
| મગફળી | ૭૦૦ | ૯૦૦ |
| જવ | ૨૭૦ | ૨૭૯ |
| જુવાર | ૫૯૦ | ૬૦૦ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૬૫૦ | ૯૪૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૬ |
| ઘઉં | ૩૧૧ | ૩૭૬ |
| બાજરી | ૨૩૫ | ૨૬૯ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601